**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરના જનજીવન પર ઠંડીનો પ્રભાવ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં સુસવાટા મારતી ઠંડીનો અહેસાસ કરતા શહેરીજનો પર ઠંડીનો પ્રભાવ જોવા મળી રહ્યો છે. શહેરમાં તાપમાન ૭ થી ૧૫ ડિગ્રીની વચ્ચે જ રહે છે. ગત દિવસે ૭.૭ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. નલીયા બાદ ગાંધીનગર રાજયનું કોલ્ડેસ્ટ સીટી બન્યું હતું. લઘુત્તમ તાપમાન ગગડતા શહેરીજનો આકરી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે અને હવામાન ખાતાની આગાહી મુજબ હજુ શહેરમાં ઠંડી વધશે. આ બધી પરિસ્થિતિમાં શહેરના જનજીવન પર ઠંડીનો ગહેરો પ્રભાવ પડયો છે. વહેલી સવારે અને મોડી સાંજ બાદ શહેરના રસ્તા ખાલી જણાઈ રહ્યા છે.



શહેરમાં છેલ્લા ઘણા દિવસથી ઠંડીનો મિજાજ સતત બદલાતો જણાઈ રહ્યો છે. આ સાથે શહેરીજનો પણ પોતાના રોજીંદા કાર્યોમાં ઠંડીમાં કામ સિવાય બહાર જવાનું ટાળી રહ્યા છે. સમગ્ર ગુજરાતમાં ગાંધીનગરમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ છે ત્યારે રાત્રે ૯ વાગ્યા પછી શહેરના રસ્તા સૂમસામ જોવા મળી રહ્યા છે. કામ વગર ન તો કોઈ ઘરની બહાર નીકળે છે ન ઘરના દરવાજા પણ ખોલે છે. સ્વર્ણિમ પાર્ક તથા અમુક ફેમસ સ્પોટ પર યુવાનો તથા અન્ય શહેરીજનોની બેઠક જયાં તેઓ એક સમયે થોડીવાર માટે ભેગા થઈ ગપ્પા-ગોષ્ઠી કરતા તે જગ્યા સાંજે ૮ વાગ્યા બાદ સૂમસામ જણાઈ રહી છે. સિનિયર સિટિઝન સાંજે ઓટલે કે બગીચામાં બેસવા આવતા જેમની હવે ઠંડીના કારણે અનુપસ્થિતિ જણાય છે. સ્વેટર ટોપી પહેરીને વૃધ્ધો બપોરે તડકામાં બેસી રહેતા જોવા મળે છે.

વહેલી સવારે બાળકો શાળાએ જયાં ઉઠી નથી શકતા અને માતા પિતા પરાણે ઉઠાડીને મોકલે છે સાથે તેમનેય બાળકોને સ્કૂલે મૂકી થોડીવાર ઉંઘ કરીને ઓફિસ જવાની તૈયારી કરે છે. આ ઉપરાંત દૈનિક સમાચાર પત્રો પણ રેગ્યુલર સમયની જગ્યાએ થોડા મોડા આવી રહ્યા છે. શહેરના શ્રમિકોની હાલત વધુ કફોડી બની છે. ગોદડા ઓઢવાથી પણ પુરું પડતું નથી ને તેમને તાપણી કરીને કામ ચલાવવું પડી રહ્યું છે. ઠેર ઠેર પાણી ગરમ કરવાના લાકડા વીણતા દેખાઈ રહ્યા છે. સવારે મોર્નિંગ વૉક પર જનારા શહેરીજનોની સંખ્યામાં ઘટાડો જણાઈ રહ્યો છે. શહેરીજનો સવારના ૭ વાગ્યા બાદ જ ઘરની બહાર નીકળવાનું પસંદ કરી રહ્યા છે. આમ શહેરના જનજીવન પર ઠંડીનો પ્રભાવ ખાસ શહેરીજનોની રોજીંદી ક્રિયામાં જોવા મળી રહ્યો છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**તાન્હાજી**
૯.૩૫, ૧૦.૩૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦
**જય મમ્મી દી**
૧૦.૩૫, ૧૨.૫૫, ૩.૧૫, ૮.૧૫, ૧૦.૩૫
**ગુડ ન્યુઝ**
૧.૧૫, ૧૦.૨૦
**છપાક**
૧.૩૦, ૫.૩૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)** - ૪.૧૦
**કેમ છો? (ગુજરાતી)**
૪.૦૫, ૧૦.૧૫

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**તાન્હાજી**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**જય મમ્મી દી**
૧૦.૩૦, ૧૨.૩૫, ૫.૩૦, ૧૦.૨૫
**ગુડ ન્યૂઝ**
૯.૪૦
**છપાક**
૩.૫૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૧.૦૫
**કેમ છો? (ગુજરાતી)**
૬.૪૦

# અંતે ઉત્તરાયણ પુરી થતાં, સચિવાલયની 'સુસ્તી' ઊડી...!!

ગાંધીનગર, તા.૧૬

ઉત્તરાયણના પર્વને પગલે છેલ્લાં પાંચેક દિવસથી સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં સુસ્તીનો માહોલો જોવા મળતો હતો જે સુસ્તી આજે ઉડી હોય તેવું જણાયું હતું. આ સાથે આજથી ફરી એકવાર બંને સચિવાલય ધમધમતાં થયા હતા અને કર્મચારીઓ-અધિકારીઓની હાજરી પણ પુરતી જોવા મળી હતી.

પાટનગરમાં ઉત્તરાયણના પર્વ અગાઉ મહિનાના બીજા શનિ-રવિની સળંગ રજાઓ હતી તે પછી વચ્ચે એક દિવસ સોમવારે સચિવાલય સહિત સરકારી કચેરીઓ ચાલુ હતી પરંતુ કામકાજ પર ઉત્તરાયણ જ છવાયેલી હતી જેના કારણે બપોર પછી કચેરીઓમાં હાજરી પણ પાંખી જોવા મળી હતી. આ પછી ઉત્તરાયણની રજા અને વાસી ઉત્તરાયણના દિવસે પણ કર્મચારીઓ-અધિકારીઓનું મન ધાબે જ હોવાથી સુસ્તીનો માહોલ બુધવારે પણ રહેવા પામ્યો હતો. છેક આજે ગુરુવારે આ 'સુસ્તી'માં ઘટાડા સાથે જુના-નવા સચિવાલય સહિતના પાટનગરની તમામ કચેરીઓ ફરી યથાવત રીતે ધમધમતી થઈ હતી અને રજાઓના કારણે વધેલા કામના ભારણને ઓછો કરવા કર્મચારીઓ કામે વળગ્યાં હતા. જો કે આજે પણ સોશ્યલ મિડીયા પર ઉત્તરાયણના અપલોડ કરેલા ફોટો-વિડીયોઝ પર આવેલ કોમેન્ટસના જવાબ આપવામાં ઘણા કર્મચારીઓ મોબાઈલ પર જ મશગુલ જોવા મળ્યા હતા.

# કલા મહાકુંભની વિવિધ સ્પર્ધાઓનો ૧૮મીથી આરંભ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા કલા મહાકુંભ- ૨૦૧૯ અંતર્ગત ગાંધીનગર જિલ્લા કક્ષા માટેની તાલુકા/ઝોન/જિલ્લા કક્ષાની તથા ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ સ્પર્ધાઓનો આરંભ તા. ૧૮મી જાન્યુઆરી, ૨૦૨૦ થી થશે.

જેમાં ઝોન/તાલુકા કક્ષાએ ૧૪ સ્પર્ધાઓ સુગમ સંગીત, સમૂહ ગીત, લગ્નગીત, લોકગીત/ભજન, ગરબા, રાસ, લોકનૃત્ય, એકપાત્રીય અભિનય, તબલા, હાર્મોનિયમ(હળવું), ભરતનાટ્યમ્, વકૃતત્વ, ચિત્રકલા, નિબંધ સ્પર્ધાઓ યોજાશે. તેમજ જિલ્લા કક્ષાએ સ્કુલ બેન્ડ, કથ્થક, ઓરગન, શાસ્ત્રીય કંઠય સંગીત (હિંદુસ્તાની), કાવ્ય લેખન, ગઝલ શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઇ, સર્જનાત્મક કારીગરી જેવી વિવિધ સ્પર્ધા માટેના સ્થળ તથા તારીખ ગાંધીનગર મહાનગરપાલિકા તથા ગાંધીનગર ગ્રામ્ય જિલ્લાના સ્પર્ધકો માટે કચેરીના બ્લોગ એડ્રેસ https://youthofficergandhinagar.wrodpress.com ઉપરથી સમય પત્રક તથા સ્પર્ધાના નિયમો ડાઉનલોડ કરી શકાશે.

આ ઉપરાંત વકતૃત્વ સ્પર્ધા માટે ભાગ લેનાર સ્પર્ધકોએ વકતૃત્વ સ્પર્ધાના વિષયો-૨૪ કલાક અગાઉ જે તે તાલુકા/ઝોન કન્વીનર પાસેથી મેળવી લેવાના રહેશે. તથા પ્રદેશકક્ષાએ સિતાર, ગિતાર, કુચીપુડી, ઓડીસી, મોહીની અટ્ટમ, વાંસળી, વાયોલીન તથા રાજય કક્ષાએ પખાવજ, મૃંદગમ, રાવણ હથ્થો, જોડીયાપાવા, સારંગી, સરોદ, ભવાઈ વગેરે સ્પર્ધાઓની તારીખો હવે પછીથી પ્રસિધ્ધ કરવામાં આવશે.

વધુ માહિતી માટે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા જિલ્લા યુવા વિકાસ અધિકારી કુ. તેજલ ચૌહાણે જણાવ્યું છે.



મકરસંક્રાંતિનું પર્વ તો એક બહાનું છે, હકીકતમાં ભારતીય સંસ્કૃતિમાં શિયાળાની ઠંડીની સીઝનમાં જયારે પોષ મહિનામાં ખાસ કરીને કૂતરાઓને ગલૂડિયાં આપવાનો સમય હોય ત્યારે જરૂરી પૌષ્ટિક આહાર મળી રહે તે હેતુથી લાડવા બનાવીને ખવડાવવાની પરંપરા રહેલી છે જેને શ્રધ્ધાળુઓ દાન-પુણ્યના બહાને પણ જાળવે છે તેવું કેટલાક જાણકારોનું માનવું છે. શહેરના સે-૨૯માં વંદે માતરમ પાર્ક-૨ સોસાયટીના સભ્યોએ દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તરાયણમાં કૂતરાંઓ માટે લાડુ બનાવ્યા હતા.

# કુડાસણ ગોકુલબાગ ફલેટના બે મકાનના તાળા તુટ્યા

## સોના-ચાંદીના દાગીના, રોકડ સહિત ડોલરની ચોરી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના કુડાસણ વિસ્તારમાં આવેલા ગોકુલબાગ ફલેટમાં બે બંધ મકાનના તાળા તુટ્યા છે. ઉતરાયણ કરવા માટે પરિવાર બહારગામ ગયો હતો તે સમયે ચોર ઈસમોએ ઘરના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ સહિત વિદેશી નાણાની પણ ચોરી થવા પામી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ કુડાસણ વિસ્તારમાં આવેલ ગોકુલબાગ ફલેટ બી-૧૦૨ ખાતે રહેતા રીષી દિલબહાદુર લામા(૩૫ વર્ષ) છેલ્લા ત્રણ વર્ષથી કેનેડા ખાતે જોબ કરે છે અને ચેલ્લા એક વર્ષથી કેનેડાની સિટીઝનશીપ ધરાવે છે. સપ્ટેમ્બર માસથી તેઓ ભારત આવેલા છે. બે માસ દિલ્હી રહ્યા બાદ નવેમ્બરમાં જ તેઓ પત્ની અને બાળકો સાથે કુડાસણ રહેવા માટે આવ્યા હતા.૧૩ જાન્યુઆરીના રોજ તેઓ ઉતરાયણ પર્વની મજા માણવા માટે વડોદરા ખાતે બહેનના ઘરે ગયા હતા. તા.૧૫ જાન્યુઆરીના રોજ સાંજે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે જોયું તો ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલો હતો અને ઘરનો સામાન વેર-વિખેર પડ્યો હતો. લાકડાનું કબાટ ખુલ્લુ હતું, અને સામાન અસ્તવ્યસ્ત પડ્યો હતો.ઘરમાં તપાસ કરતા ડાયમંડની વીટી નંગ-૨, સોનાનું બ્રેસલેટ, ચેઈન, સોનાના કોઈન અને ૪૦ હજાર રોકડ મળી કુલ રૂ.૧,૦૩,૫૦૦ ની મત્તા ગુમ હતી. આ ઉપરાંત ઘરમાં રહેલા ૩૦૦ યુરો, ૬૦૦ કેનેડીયન ડોલર, અને ૫૦૦ અમેરીકન ડોલર પણ ચોર ઈસમો લુંટી ગયા હતા. જયારે આ જ ફલેટમાં બી.૨૦૧ ખાતે રહેતા ડો.રોહિત શાહના ઘરે પણ ચોરી થઈ હોવાની વાત ધ્યાને આવી છે. ડોકટરના ઘરેથી લેપટોપની ચોરી થઈ છે. પોલીસે ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ ઈન્ફોસીટી પોલીસે હાથ ધરી છે.



શહેરમાં ઉત્તરાયણનું પર્વ સૌ કોઈએ પોતપોતાની રીતે ઉજવ્યું હતું. જેમાં કોઈએ પતંગ ચગાવવાનો આનંદ માણ્યો હતો તો કોઈએ સેવા-દાન-પુણ્ય કરીને શહેરના સેકટર-૪માં સમાવિષ્ટ હડમતિયા છાપરાં વિસ્તારમાં આ પર્વ નિમિત્તે જરૂરિયાતમંદ વર્ગના બાળકોને લાડુ અને બોરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સદકાર્યમાં સ્થાનિક નગરસેવકો ઉર્મિલાબેન વર્મા અને પાયલબેન મેણાત જોડાયા હતા.



સિંધી સમાજની ચોથી વાર્ષિક સભા સે-૩૦ સ્થિત ઝુલેલાલ મંદિર ખાતે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં મંદિરના હોદ્દેદારો અને સિંધી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. જયાં પ્રમુખ તરીકે નિર્મલ જે. સવાણીની નિમણુંક કરવામાં આવી હતી.

# રાંધેજામાંથી જુગાર રમતા ત્રણ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામે જુગાર રમતા ત્રણ શકુનીઓને પોલીસે રંગેહાથ પકડી લીધા છે. પોલીસે દાવ પરથી તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન કુલ રૂ.૫૧૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ શકુનીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પેથાપુર પોલીસે બાતમીને પગલે રાંધેજા ગામથી સોનીપુર તરફ જતા માર્ગ પર બોરડીઓની બાજુમાં ખેતરોની અંદર ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા રાંધેજા ગામના ધર્મેન્દ્ર રમણ પટેલ (ઉ.વ.૩૦ રામજી મંદિર)ગોપાલ જેઠાભાઈ પટેલ (ઉં.વ.૩૬ ઉમિયાનગર સોસાયટી) તેમજ વિશાલ સુરેશ પટેલ(ઉં.વ.૨૬ બસ સ્ટેન્ડ પાસે) જુગાર રમતા રંગેહાથ ઝડપાયા હતા. પોલીસે દાવ પરથી રોકડ રૂ.૧૦૮૦ અને અંગજડતી દરમિયાન ૪૦૪૦ રોકડા મળી કુલ રૂ.૫૧૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર જિલ્લા રેડક્રોસ સોસાયટી દ્વારા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી થેલસેમીયા એવેરનેસ તથા થેલેસેમીયા માઈનોર સ્ક્રીનીંગ ટેસ્ટ આઈ.આઈ.ટી. પાલજ ખાતે યોજાયો હતો. જયાં ૩૭ પીએચડીના વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. રેડક્રોસના ટેકનીશ્યન ભરતભાઈ શ્રીમાળી દ્વારા સેમ્પલ ટેસ્ટ લેવામાં આવ્યા હતા. આ કેમ્પમાં આઈઆઈટીના પ્રણવ રોહીત તથા જિલ્લા રેડક્રોસના ચેરમેન જીલુભા ધાંધલ તથા અશ્વિનભાઈ દવે હાજર રહ્યા હતા.

# ચિલોડા મોટાનું વિશાળ તળાવ રંગબેરંગી પતંગોથી છવાયું



ચિલોડા, તા.૧૬

મકરસંક્રાંતિના પર્વે ચિલોડાના પતંગ રસિકોએ રંગબેરંગી પતંગો ચગાવી ઉત્સવ મનભેર મનાવ્યો હતો ત્યારે ચિલોડા ગામના મુખ્ય પ્રવેશદ્વારે આવેલું બિન ઉપયોગી વનસ્પતિથી ભરપૂર વિશાળ તળાવની આજુબાજુ અનેક સોસાયટીની વસાહતો આવેલી છે. ત્યારે ઉત્તરાયણ પર્વે પતંગ રસિકો દ્વારા કપાયેલા રંગબેરંગી પતંગો તલાળમાં છવાઈ જતાં અનેરા રમણીય દશ્યો જોવા મળી રહ્યા છે. બે ઘડી લોકો દશ્ય નિહાળી તળાવ શોભાયમાન બનતાં અનેરો આનંદ માણી રહ્યા છે.



સમગ્ર રાષ્ટ્રમાં ગત તા. ૧૨મી જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવાઈ હતી. ગુજરાત સાયન્સ સિટી ખાતે પણ આ પ્રસંગે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વામી વિવેકાનંદ કેન્દ્રના નિષ્ણાંત જયદેવ રાવલે યુવા વર્ગને સ્વામીજીનો સંદેશ 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો'ના પરિપ્રેક્ષ્યમાં પ્રગતિનો મંત્ર સમજાવ્યો હતો તથા ઉપયોગી માહિતી પુરી પાડી હતી. આ સેમિનારમાં યુવાનોને સ્વામી વિવેકાનંદના ઉપદેશોની પુસ્તિકાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

# નાસતા ફરતા આરોપીને એલસીબી પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર એલસીબી પોલીસની ટીમ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી તે દરમિયાન હે.કો. અનુપસિંહને બાતમી મળી હતી. જેને પગલે કલોલ શહેર પોલીસ મથકે વર્ષ૨૦૧૫ માં નોંધાયેલા મોબાઈલ લુંટના ગુનાના આરોપી સંદિપ ઉર્ફે વાઘુભાઈ ગેમરભાઈ રબારી (રહે. ગાયનો ટેકરો) ને તેના ઘર પાસેથી દબોચી લીધો હતો. આરોપીએ ચાર વર્ષ પહેલા કલોલ જુના ચોરા પાસેથી એક વ્યકિતને મોબાઈલની ઝુંટ મારી લઈ લીધો હતો. આ કેસમાં તે છેલ્લા કેટલાક સમયથી નાસતો ફરતો હતો.જેથી એલસીબી પોલીસે આરોપીની અટકાયત કરીને આગળની તપાસ હાથ ધરી છે.

# ઉત્તરાયણના બીજા દિવસે ૩૦થી વધુ પક્ષીઓને સારવાર અપાઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં ઉત્તરાયણના સતત ત્રીજા દિવસે પણ દોરીથી પક્ષીઓનું ઘાયલ થવું ચાલુ રહ્યું હતું અને ત્રીજા દિવસે પણ શહેરમાં આશરે ૩૦થી વધુ પક્ષીઓ ઘાયલ થવાની ઘટના નોંધાઈ હતી. આ ઘટનાઓમાં સૌથી વધુ સંખ્યા કબૂતરની જે ૨૨ જેટલી રહી હતી જયારે અન્ય પક્ષીઓમાં બે બ્લેક આઈબીઝ એટલે કે કાંકણસાર, ૧ ઘુવડ તથા બગલા સહિતના અન્ય પક્ષીઓનો સમાવેશ થાય છે. આજે આશરે ૩૪ જેટલા બર્ડ રેસ્કયુના કેસ નોંધાયા હતા. જેમાંથી ૨ કબૂતરનું મોત થવા પામ્યું હતું.

ઉત્તરાયણમાં પતંગની દોરીથી ઘાયલ થતાં પક્ષીઓની સંખ્યા વાસી ઉત્તરાયણના દિવસે સૌથી વધુ નોંધાઈ હતી તે પછી આજે પણ આ પ્રકારના કોલ ચાલુ રહેતાં એ સ્પષ્ટ થઈ જવા પામ્યું છે કે ઝાડ પર, થાંભલા પર કે મકાનોની છત પર ભરાઈને લટકી રહેલી પતંગની દોરી હજુ પણ અબોલ પંખીઓ માટે નડતરરૂપ બની રહી છે. શહેરમાં કેટલાક પતંગ રસિયાઓ ખાસ કરીને બાળકો દ્વારા પતંગો ચગાવાઈ રહ્યા છે જે પક્ષીઓ માટે ઈજાનું કારણ બની રહ્યું છે. શહેરમાં ઉત્તરાયણ નિમિત્તે શરુ કરાયેલા બર્ડ રેસ્કયુ સેન્ટર્સ તથા હેલ્પલાઈન ચાલુ રાખવામાં આવી છે જેમાં ધાબા પર, વિજપોલ કે હોર્ડિંગ્સ અથવા ચેનલના વાયરો પર તથા વૃક્ષો પર કપાયેલી પતંગો તથા તેની દોરીઓ લટકી રહી છે. જેનાથી પક્ષીઓ ઘાયલ થઈ રહ્યા છે જેને સારવાર આપી શકાય તેવો હેતુ રહેલો છે. સેકટર-૧૭ ખાતેના મુખ્ય કન્ટ્રોલરૂમ પર આજે ૧૧ કબૂતર અને ૨ બ્લેકઆઈબીઝને સારવાર અર્થે લવાયાં હતા જેમાંથી એક કાંકણસાર પક્ષીને અત્યંત ગંભીર ઈજાઓ હોવાથી સાબરમતી ખાતે લઈ જઈ કરૂણા અભિયાન સંલગ્ન બર્ડ રેસ્કયુ પોઈન્ટ પર હાજર વેટરનરી તબીબ પાસે સારવાર આપવામાં આવી હતી. આ ઉપરાંત ઈન્દ્રોડા પાર્ક ખાતે ગીર ફાઉન્ડેશનના બર્ડ રેસ્કયુ પોઈન્ટ પર આજે ૪ કબૂતર અને એક ઘુવડ સહિતના બગલાને સારવાર આપી તેનો જીવ બચાવી લેવાયો હતો.

### મકાનોના ધાબેથી, વૃક્ષો કે થાંભલેથી લટકતી-ભટકતી દોરી દૂર કરવા અનુરોધ

ઉત્તરાયણના ઉત્સાહમાં કપાયેલા પતંગની દોરી લપેટવાનો કે ગૂંચમાં પડેલી દોરીને ઉકેલવાનો કોઈની પાસે સમય હોતો નથી. આ પ્રકારની દોરી મકાનોના ધાબેથી, વિજળીના થાંભલેથી, ચેનલો કે ઈલેકટ્રીકના વાયરો પર કે વૃક્ષો પરથી લટકતી જોવા મળે છે આ દોરી પક્ષીઓ માટે વધુ જીવલેણ સાબિત થઈ શકે છે જેથી સત્વરે જેને દૂર કરવી જરુરી હોય છે. શહેરની જીવદયા પ્રેમી સંસ્થાઓ તથા પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા શહેરના નાગરિકોને વિનંતી કરવામાં આવી રહી છે કે સોસાયટીઓ, વૃક્ષો કે વિજળીના થાંભલે કે મકાનો પર લટકતી દોરી કે દોરીના ગૂંચડા સત્વરે દૂર કરવામાં આવે જેથી અબોલ પંખીઓને તેમાં ફસાઈને ઘાયલ થતાં બચાવી શકાય. આ પ્રકારનું કાર્ય પણ એક ઉત્તમ સેવા કાર્ય છે.



## ચિરવિદાય

● સ્વ. જસુમતીબેન વિનોદરાય મચ્છર, ઉ.વ. ૮૬
● સ્વ. જેઠાભાઈ મોહનભાઈ પરમાર, ઉ.વ. ૭૬
● સ્વ. રામશંકર મગનલાલ મહેતા, ઉ.વ. ૯૫
● સ્વ. વાઘરી વાઘજીભાઈ જયરામભાઈ, ઉ.વ. ૭૦
● સ્વ. તુલસીબેન ગણેશભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૨